નામ. ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધીન
મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ
ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: WCDD/CCR/e-file/23/2023/1703/B1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા SCA/15717/2022 તથા SCA/11150/2022 ના કેસમાં આપેલ તા.૨૬/૭/૨૦૨૩નો હુકમ.
2. પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ માટે તા.૦૯/૦૧/૨૦૨૪ના રોજ મળેલ ડીપીસીની કાર્યવાહી નોંધ.

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૪ પીટીશનરને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦/- ના પગાર ધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) પરની ડીપીસીની કાર્યવાહી નોંધ સાથે મદદનીશ નિયામકશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ ચેકલિસ્ટ પ્રમાણે કુલ ૦૪ પીટીશનરોને નામ. હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે તેઓની પાત્રતા તારીખથી નામ. હાઈકોર્ટના ચુકાદા અનુસાર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ કુલ ૦૪ પીટીશનરોનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના કુલ ૦૪ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યેથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૬૦૦) ના પગાર ધોરણમા નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ | જિલ્લો | નિમણુંક તારીખ | ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી નીતાબેન સી. ઓઝા | કચ્છ | ૩૧.૦૧.૧૯૯૨ | ૩૧.૦૧.૨૦૦૧ |
| ૨ | શ્રી ઉષાબેન એન. પરમાર | કચ્છ | ૧૭.૦૩.૧૯૮૮ | ૧૬.૦૪.૧૯૯૭ |
| ૩ | શ્રી જાગૃતિબેન જોષી | કચ્છ | ૦૩.૦૨.૧૯૯૨ | ૦૩.૦૨.૨૦૦૧ |
| ૪ | શ્રી વિજયાબેન એમ. ઠક્કર | કચ્છ | ૨૫.૦૩.૧૯૮૮ | ૦૮.૦૪.૧૯૯૭ |

૩/- ઉક્ત કર્મચારી/અધિકારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે;

1. પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખથી રૂ. ૨૦૦૦-૩૫૦૦ (છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૪૬૦૦) ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
3. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે. તેમજ નાણા વિભાગના વખતોવખતના ઠરાવ તેમજ પરિપત્રમાં આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.
4. કર્મચારીએ બિનપગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં રજાઓ બાદ કરેલ ન હોય તેવા કિસ્સામાં સબંધિત કચેરીએ હુકમો કરતી વખતે બિનપગારી રજાઓ ધ્યાને લેવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતતાનું કારણ આપીને ઉ.પ.ધો. આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ.
5. આ મંજુરી નામ.હાઇકોર્ટના SCA/15717/2022 તથા SCA/11150/2022ના કેસમાં આપેલ ચુકાદા સામે નામ.હાઇકોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપિલના આખરી ચુકાદાને આધિન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ. ગુજરાત હાઈકોર્ટના SCA/15717/2022 તથા SCA/11150/2022ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮.૦૧.૨૦૨૪ ની નોંધ પર મળેલ મજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.01.10
16:19:17 +05:30

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચ્છ.
4. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચ્છ.
5. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. કચ્છ.
7. સંબંધિત કર્મચારી/અધિકારી (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિ. કચ્છ)

Signature Not Verified

Signed by:Krunal Hingu
Section Officer
Date: 2024.01.10
16:19:17 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*